RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 42 Date: 04.12.2023 Monday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

# મધ્યપ્રદેશમાં લાડલી બહેનાથી મહિલાઓ વૉટર્સનો મેળવ્યો પ્રેમ, હિન્દુત્વએ આપી ધાર



ભોપાલ,તા.૩

મધ્યપ્રદેશમાં ૧૬ વર્ષથી મુખ્યમંત્રી પદ સંભાળી રહેલા શિવરાજ વોટર્સ સામે પોતે પણ એક બ્રાન્ડ બની ગયાં છે. આ સમયગાળામાં તેમણે મધ્યપ્રદેશને બીમાર રાજ્યોની કેટેગરીમાંથી બહાર નિકાળ્યું અને અનેક શહેરોની કાયા પલ્ટી દીધી. હિંદુત્વનાં રથ પર સવાર શિવરાજ ફિલહાલ રાજ્યમાં લોકોની પહેલી પસંદ બનતું દેખાઈ રહ્યું છે.જેને કારણે જ ભાજપે પોતાની સત્તા યથાવત રાખી છે

મધ્યપ્રદેશમાં ભાજપની જીત પાછળ મહિલા મતદારોની મહત્વની ભૂમિકા હોવાનું માનવામાં આવે છે. લાડલી બ્રાહ્મણ યોજનાનો દાવ ભાજપ માટે ચૂંટણીમાં ગેમ ચેન્જર સાબિત થઈ. લાડલી બ્રાહ્મણ યોજના હેઠળ એક કરોડ ૩૧ લાખ મહિલાઓના ખાતામાં ૧૨૫૦ રૂપિયાના બે હપ્તા આપવામાં આવ્યા છે. જેનો ફાયદો ભાજપને થયો છે. એક્ઝિટ પોલ અનુસાર મહિલાઓએ કોંગ્રેસ કરતાં ભાજપને વધુ વોટ આપ્યા છે. રાજ્યમાં ૩૪ બેઠકો પર મહિલાઓએ પુરુષો કરતાં વધુ મતદાન કર્યું છે. આ યોજનાએ શિવરાજની રાજનૈતિક કિસ્મત પલટી દીધી. પ્રદેશની દીકરીઓએ પોતાના મામા શિવરાજ સિંહને ફરી મુખ્યમંત્રી પદ માટે પસંદ કર્યા.

આ ચૂંટણીમાં શિવરાજે ન માત્ર આ સ્કીમનો પ્રચાર કર્યો પણ પોતાના જૂના રેકોર્ડ્સ્ પણ દર્શાવ્યાં અને પોતાના ૧૬ વર્ષનાં ગર્વનંસની માહિતી આપી. આ સિવાય શિવરાજે કલ્યાણકારી ઘોષણાઓની વર્ષા કરી દીધી. તેમણે રાજ્યનાં ૩૦ લાખ જૂનિયર સ્તરનાં કર્મચારીઓ માટે વેતન અને ભથ્થાંમાં વૃદ્ધિ કરી. આંગણવાડીનાં કાર્યકર્તાઓને પણ ભેટ આપી અને તેમના વેતનને ૧૦૦૦૦ રૂપિયાથી વધારીને ૧૩૦૦૦ રૂપિયા કર્યાં.

મધ્યપ્રદેશમાં ૧૬ વર્ષો સુધી મુખ્યમંત્રી રહી ચૂકેલા શિવરાજ સિંહ માટે આ ચૂંટણીને લઈને સૌથી સારી વાત તો એ હતી કે તેમને પાર્ટીની અંદર કોઈ વાદ-વિવાદનો સામનો નહોતો કરવો પડ્યો. શિવરાજની સામે કૈલાશ વિજયવર્ગીય, નરેન્દ્ર સિંહ તોમર, ગણેળશ સિંહ, રાકેશ સિંહ, પ્રહ્લાદ સિંહ પટેલ, ફગ્ગન સિંહ કુલસ્તે જેવા નેતાઓ હતાં જે શિવરાજસિંહને પડકારી શકતાં હતાં તેમને પાર્ટીએ ચૂંટણીનાં મેદાનમાં ઊતાર્યું અને પોતાની યોગ્યતા સાબિત કરવા માટે કહ્યું.

મધ્યપ્રદેશમાં ભાજપે ખુલ્લેઆમ હિન્દુત્વનો દાવ રમ્યો હતો. શિવરાજ, અમિત શાહ અને યોગી આદિત્યનાથ સહિત ભાજપના તમામ વરિષ્ઠ નેતાઓએ હિન્દુત્વનો એજન્ડા સેટ કર્યો. આ જ કારણ હતું કે આ વખતે ભાજપે એમપીમાં એક પણ મુસ્લિમ ઉમેદવાર બનાવ્યો નથી.

## એસ.ટી.માં ઓનલાઇન બુકીંગ કરાવ્યા બાદ ટિકીટ ટ્રાન્સફર નહીં થતાં મુસાફરો ત્રાહીમામ




ભાવનગર : એસ.ટી.માં ઓનલાઇન ટીકીટ બુકીંગની સુવિધા સારી છે. પરંતુ ક્યારેક બસ મોડી આવે તો પણ તેની જ પેસેન્જરને રાહ જોવી પડે છે અને અન્ય બસમાં ટ્રાન્સફર થતુ હોવા છતાં જવાબદારો બેજવાબદારી ભર્યું વર્તન કરતા હોવાની ફરિયાદ ઉઠવા પામી છે.

સરકાર દ્વારા તેના દરેક વિભાગને ઓનલાઇન કરી સમયની સાથે તાલ મેળવવા માટે સતત અપડેશન કરવામાં આવે છે પરંતુ તેમાં નાની નાની જોગવાઈઓની ત્ટી હોવાને કારણે પેસેન્જર ખૂબ જ હેરાન થઈ રહ્યા છે તાજેતરમાં અલંગથી અમદાવાદ જતી બસમાં આજે એક વિદ્યાર્થી દ્વારા ઓનલાઇન ટિકિટ બુક કરવામાં આવી હતી અલંગથી નીકળેલી બસ રસ્તામાં પંચર પડતા એક કલાકથી વધુ મોડી હતી અને ભાવનગર એસટી બસ સ્ટેન્ડમાં પહોંચી ન હતી ત્યારે આ વિદ્યાર્થી દ્વારા આ ટિકિટ કેન્સલ કરવા માટે ઘણી મહેનત કરવા છતાં પણ કેન્સલ થઈ ન હતી જુદા જુદા અધિકારીઓ ને મળી ટીકીટ કેન્શલ કરવા અથવા બીજી બસ માં બેસવા અંગે પૂછપરછ કરતા એવું નો થઈ શકે તેવો જવાબ મળ્યો હતો. તે વિદ્યાર્થીનું કહેવું હતું કે મારી આ ટિકિટ કેન્સલ કરી મને બીજી બસમાં જાવું છે પરંતુ હાજર રહેલા અધિકારીઓ દ્વારા તેને કોઈપણ યોગ્ય જવાબ આપવામાં આવ્યો ન હતો અને આ ટિકિટ કેન્સલ નહી થાય તેમ કહેવામાં આવતા એ વિદ્યાર્થીઓએ આજે બે કલાકથી વધુ પોતાના કિંમતી સમય એસ.ટી સ્ટેન્ડમાં કાઢીને પોતાના પૈસા બચાવવા માટે બેસવું પડયું હતું. આ અંગે ક્યાં કોને રજુવાત કરવી તેનું માર્ગદર્શન પણ અધિકારીઓ આપી નથી.રહ્યા બસ સાવ કેંશલ થાઈ તો રીફન્ડ મળે બાકી ગમે તેટલું મોડું.થાય તો ફરિજયાત રાહ જોવા ની.રીફન્ડ નો મળે જોકે ઘણી મહેનત બાદ ડેપો મેનેજર મળી આવ્યા હતા ત્યારે તેમને રજૂઆત કરવામાં આવતા તેમની નીચેના અધિકારીને સુચના આપી હતી અને નીચેના અધિકારીએ તરત જ એક પ્રિન્ટ કાઢી બીજી બસમાં બેસાડવાની વ્યવસ્થા કરી આપી હતીત્યારે સવાલ એ થાય છે કે જો આજ વ્યવસ્થા નીચે ના અધિકારી એ પહેલાં કરી આપી હોત તો વિધાથી નો કિંમતી ૧.૩૦ સમય નો બચાવ થયો હોત.સરકારી શિષ્ટમ પ્રમાણે.કોઈ પણ કામ નો નિકાલ કરવા ને બદલે એક ટેબલ થી બીજા ટેબલ એ મોકલવાની પ્રથા શું આમ જ કાયમ રહેશે?

## માણસા-ગાંધીનગર હાઇવે પર ટ્રકની ટક્કરે મહિલાનું મોત




માણસા : માણસા શહેરમાં ગાંધીનગર રોડ પર આવેલ ગાયત્રી મંદિર નજીક આજે સવારે એક રિક્ષામાં પસાર થઈ રહેલ મહિલા નીચે ઉતરી તે વખતે પાછળથી આવી રહેલ એક ટ્રકના ચાલકે આ મહિલાને ટક્કર મારતા તેનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું જે બાબતે મૃતકના પરિવારજને અકસ્માત સર્જી મોત નીપજાવી ભાગી છૂટનાર ટ્રક ચાલક વિરુદ્ધ માણસા પોલીસ સ્ટેશને ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

માણસા તાલુકાના રીદ્રોલ ગામે ચરામાં રહેતા શાંતાબેન રમેશભાઈ દંતાણી આજે સવારે માણસા શહેરમાં ગાંધીનગર રોડ પર આવેલ ગાયત્રી મંદિર નજીક તેમની પપૈયાની લારી પર જવા માટે ઘરેથી નીકળ્યા હતા અને માણસા આવી ગાંધીનગર રોડ તરફ જતી એક રીક્ષામાં બેસીને ગયા હતા અને તેમને જ્યાં ઉતરવાનું હતું તે જગ્યા આવતા રિક્ષા ચાલકે રીક્ષા ઉભી રાખતા શાંતાબેન નીચે ઉતર્યા તે વખતે જ પાછળથી લાકડા ભરીને આવી રહેલ એક ટ્રકના ચાલકે પોતાનું વાહન પુરઝડપે અને બે ફીકરાઈથી ચલાવી મહિલાને ટક્કર મારતા તેમને માથાના તેમજ શરીરના ભાગે ગંભીર ઈજાઓ થતા ઘટના સ્થળે જ તેમનું મોત નીપજ્યું હતું તો અકસ્માત બાદ ટ્રકનો ચાલક પોતાનું વાહન સ્થળ પર મૂકી ભાગી છૂટયો હતો જે બાબતે મૃતકના પરિવારજને અકસ્માત સર્જનાર ટ્રક ચાલક વિરુદ્ધ માણસા પોલીસ સ્ટેશને ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## શામળાજી મહોત્સવ ૨૦૨૩ના પ્રથમ દિવસે ખૂબજ મોટી સંખ્યામાં જનમેદનીએ કીર્તિદાન ગઢવીને માણ્યા

રમતગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર અને જિલ્લા વહીવટી તંત્ર અરવલ્લી દ્વારા આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત આયોજીત શામળાજી મહોત્સવ ૨૦૨૩ ની ઉજવણીની શરૂયાત કરવામાં આવી અને પ્રથમ દિવસે જાણીતા કલાકાર કીર્તિદાન ગઢવીએ ધૂમ મચાવી હતી. શામળાજી મંદિરના પરિસરમાં આ ભવ્યાતિ ભવ્ય ઔતિહાસિક કાર્યક્રમ થઈ રહ્યો છે.અરવલ્લી જિલ્લામાં રમણીય ગિરિમાળાઓ વચ્ચે આવેલ રમણીય પુરાતન શામળાજી મંદિરમાં દેવગદાધાર શામળિયાળા ભગવાનની શ્રી વિષ્ણુ સ્વરૂપની ચતુર્ભુજ ભવ્ય મનોહર મૂર્તિ બિરાજમાન છે. જેના દર્શન થતાં જ ભગવાન પ્રત્યે અનુરાગ જાગે અને મૂર્તિ આગળથી ખસવાનું મન ન થાય. નમ્ર ભાવે આનંદવિભોર બનીને અહીં પરમાત્માના શ્યામલ સ્વરૂપના સાક્ષાત્કારની અનુભૂતિ થાય છે. શામળાજી મંદિરની વાત કરીએ તો મંદિરની ઈમારત પર શિલ્પો ખૂબજ સુંદર રીતે કંડારાયેલા છે.



## ૭ નંગ આઇફોન બતાવી રૂપિયા ૬ લાખ લઇ લોખંડના ટૂકડા પધરાવ્યા



ગાંધીનગર : હરિયાણા સ્થિત સેકન્ડ હેન્ડ અને રિફર્બીશ્ડ ફોનની લે-વેચ કરતી કંપનીના પીકઅપ બોયને શીશામાં ઉતારી દઈ રૂપિયા ૬ લાખની રકમ પોતાના બેંક ખાતામાં ટ્રાન્સફર કરાવીને હાથની સફાઈ દ્વારા આઈફોનના બદલે લોખંડના ટુકડા પધરાવી દેવાયાનો બનાવ ગાંધીનગરમાં બન્યો છે. કંપનીના લીગલ એડવાઇઝરની ફરિયાદના પગલે સેક્ટર ૨૧ પોલીસ દ્વારા અમદાવાદ રહેતા યુવાન અને તેની માતા સામે ગુનો નોંધી તપાસ શરૃ કરી છે.

હરિયાણાના હિસ્સાર શહેરમાં સ્થિત અને વિવિધ માધ્યમ દ્વારા સેકન્ડ હેન્ડ અને રિફર્બીશ્ડ ફોનની લે-વેચ કરતી સ્કીબલ ઈન્ફોટેક પ્રાઈવેટ લીમીટેડ નામની કંપનીના લીગલ એડવાઇઝર તરીકે કામ કરતા ધીરજ ત્રિલોકકુમાર ગર્ગ દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે અમદાવાદના ગોમતીપુર વિસ્તારમાં આમઅપાલી સિનેમા સામે નુરભાઇ ધોબીની ચાલીમાં મકાન નંબર ૩૫૭માં રહેતા સોહેલ શૌકતઅલી ઘાંચી અને તેની માતા જરીનાબીબી શૌકતઅલી ઘાંચીના નામ આપવામાં આવ્યા છે.

ફરિયાદમાં જણાવાયા પ્રમાણે કંપની દ્વારા અમદાવાદના ચાંદખેડામાં વિસ્તારમાં કૃષ્ણધામ સોસાયટીમાં રહેતા પ્રિતેશ ચંદ્રકાંત પ્રજાપતિને પીકઅપ બોય તરીકે કામે રાખવામાં આવેલો હોય તેના મારફત કંપની દ્વારા આરોપી સોહેલ પાસેથી અગાઉ જુદા જુદા સેકન્ડ હેન્ડ ફોન ખરીદ કર્યા હતાં. જે ફોન સારા નીકળ્યા હતાં.

## અરવલ્લી : શામળાજી પોલીસે ટ્રકમાંથી અધધ ૪૫૮૪ બોટલ વિદેશી દારૂ રતનપુર ચેકપોસ્ટ પરથી ઝડપ્યો,ટ્રક ચાલક ખેપિયો જેલ હવાલે

અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ પર રાજસ્થાન રાજ્યને અડીને આવેલ રતનપુર ચેકપોસ્ટ પરથી બુટલેગરો ટ્રક-કન્ટેનરમાં લાખ્ખો-કરોડો રૂપિયાનો વિદેશી દારૂ ગુજરાતમાં ઠાલવવા સતત પ્રયત્નશીલ રહે છે જીલ્લા પોલીસવડા શૈફાલી બારવાલના માર્ગદર્શન હેઠળ શામળાજી પોલીસે બુટલેગરો પર સતત વોચ રાખી સપાટો બોલાવતા બુટલેગરોમાં ફફડાટ ફેલાયો છે શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ નજીક ટ્રકમાંથી ૭ .૪૧ લાખથી વધુનો વિદેશી દારૂ સાથે ટ્રક ચાલક ખેપિયાને દબોચી લઇ કાયદેસરની કાર્યવાહી હાથધરી હતીશામળાજી પીએસઆઈ એસ.કે.દેસાઈ અને તેમની ટીમે બુટલેગરો પર નાકે દમ લાવી દેતા બુટલેગરો એનકેન પ્રકારે વિદેશી દારૂ ઠાલવવા નિતનવા નુસ્ખા અપનાવી રહ્યા છે રાજસ્થાન તરફથી આવતા વાહનોનું ચેકીંગ હાથધરાતા શંકાસ્પદ ઝડપ સાથે ઉદેપુર તરફથી આવતા ટ્રકને શામળાજી પોલીસે અટકાવી ટ્રક ચાલકને પૂછતાં જવ ભરેલા હોવાનું જણાવ્યું હતું પોલીસની પૂછપરછમાં ડ્રાઈવર થોથવાતા પોલીસે ટ્રકની અંદર જોતા જવ ભરેલા કોથળાની વચ્ચે મોટી માત્રામાં વિદેશી દારૂ ભરેલી પેટીઓ જોવા મળતા પોલીસ ચોકી ઉઠી હતીશામળાજી પોલીસે ટ્રકમાં ભરેલા જવના કોથળા ભારે જહેમત બાદ હટાવી વચ્ચે સંતાડેલ વિદેશી દારૂની બોટલ-ક્વાંટરીયા નંગ-૪૫૮૪ કી.રૂ.૭૪૧૪૮૦/-નો જથ્થો જપ્ત કરી ટ્રક ચાલક સમેદ્દીન ઉર્ફે પપ્પુખાન ગફુરખાન ઉર્ફે જમીલખાન મેવ (રહે,બડોદામેવ,અલવર-રાજ)ને ઝડપી પાડી વિદેશી દારૂ,મોબાઈલ, ટ્રક મળી રૂ.૧૭.૪૩ લાખનો મુદ્દામાલ જપ્ત કરી દારૂ ભરી આપનાર મુસ્તાક લબાન અને રાણા નામના બુટલેગર સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે

*તંત્રી લેખ......*

## ચૂંટણી પરિણામો બાદ વિપક્ષી એક્તાનાં સમીકરણો બદલાશે

પાંચ રાજ્યોમાં સંપન્ન થયેલ વિધાનસભા ચૂંટણીઓનાં પરિણામો બાદ વિપક્ષી એક્તાની કહાની ફરીથી લખાશે. વિપક્ષી ગઠબંધન બન્યા બાદ દાવા કરાયા હતા કે મોદી સરકારને હટાવવા માટે ઘટક પક્ષ ત્યાગ કરવામાં પણ નહીં ખચકાય. સંકેત હતો કે પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણીઓમાં કેટલાય ઘટક પક્ષોના મોટા નેતા પ્રચાર કરતા દેખાશે, જેનાથી આગામી લોકસભા ચૂંટણીથી પહેલાં જ વિપક્ષના પક્ષમાં કેટલીક હવા બનતી દેખાશે, પરંતુ થયું એકદમ વિપરીત. આ ચૂંટણીઓ દરમ્યાન વિપક્ષી ગઠબંધન દેખાવું તો દૂર, તેની ચર્ચા પણ ન સંભળાઈ. દરેક હાલતમાં એકજુટતાના વાયદાથી વિપરીત ગઠબંધનના કેટલાક ઘટક પક્ષ ન માત્ર પરસ્પર તાલ ઠોકતા દેખાયા, બલ્કે એકબીજાને પછાડવા માટે રાજકીય દાવપેચ પણ અપનાવવામાં તેમણે સંકોચ ન રાખ્યો.

વિપક્ષી ગઠબંધન ભાજપને ચૂંટણીમાં ટક્કર આપવા બનાવ્યું હતું, પરંતુ ઘટક પક્ષો રાજસ્થાન, મધ્ય પ્રદેશ અને છત્તીસગઢમાં એ કોંગ્રેસની જ ઘેરાબંધી કરતા દેખાયા, જે પાછલી વિધાનસભા ચૂંટણીમાં ત્યાંની સત્તા ભાજપથી છીનવી ચૂકી હતી. ૨૦૧૮ની વિધાનસભા ચૂંટણીઓમાં કોંગ્રેસે ભાજપ પાસેથી છત્તીસગઢની સત્તા આસાનીથી હાંસલ કરી તો મધ્ય પ્રદેશમાં પણ એટલી જ જૂની સત્તાને બહુમતથી બે સીટો ઓછી રહેવા છતાં બદલી નાખી હતી. બહુમતથી એક સીટ ઓછી કોંગ્રેસ રાજસ્થાનમાં પણ રહી હતી, પરંતુ મધ્ય પ્રદેશની જેમ નાના પક્ષો અને અપક્ષોના સહારે પાંચ વર્ષમાં સરકાર બદલાઈ જવાના રિવાજને ચાલુ રાખવામાં સફળ થઈ ગઈ હતી. દેશની સૌથી જૂની રાજકીય પાર્ટી કોંગ્રેસ પોતાના ખરાબ સમયમાં પણ જે થોડાં રાજ્યોમાં પોતાના દમ પર ન માત્ર ચૂંટણી લડવામાં સક્ષમ છે, પરંતુ જીતવાનો દમ પણ ધરાવે છે, તેમાં રાજસ્થાન, મધ્ય પ્રદેશ અને છત્તીસગઢ મુખ્ય છે. એવામાં સામાન્ય રાજકીય સમજનો તકાદો એ હતો કે વિપક્ષી ગઠબંધનના અન્ય ઘટક આ રાજ્યોમાં કોંગ્રેસની જીતની સંભાવનાઓને બહેતર બનાવવાની કોશિશ કરતા, પરંતુ તેમણે એવું ન કર્યું.

દિલ્હી અને પંજાબમાં કોંગ્રેસને સત્તાથી બેદખલ કરનારી અરવિંદ કેજરીવાલની આમ આદમી પાર્ટીએ તેને ગુજરાત અને ગોવામાં પણ જબરદસ્ત નુક્સાન પહોંચાડ્યું હતું.

# રાજુ ચૂંટણીમાં હારશે કે જીતશે?? લેટ અસ વોચ એન્ડ લેઇટ ટીલ થર્ડ ડીસેમ્બર !!

" ગિરધરભાઇ તમારા ટેકાની જરૂર છે." આટલું બોલીને રાજુએ કુછ મીઠા હો જાયે બ્રાંડની ચોકલેટનું બોકસ મારા ઘરની ટિપોઇ પર મુકયું.રાજુનો હુલિયો બદલી ગયેલો . લઘરવઘર ટીશર્ટ અને કોથળા સમાન પેન્ટને કપડાજંલિ આપી દીધેલી . ધાર અડી જાય તો લોહી દદડવા માંડે તેવી આર કરલો ઝભ્ભો, ખાદીનો લેંઘો, ઝભ્ભા પર જેકટ, ભાલપ્રદેશમાં નેશનલ હાઇવે જેવો કુમકુમનો ચાંદલો પનીર કે ચીજ ચોપડીને ચીના જેવા વાળ તૈલી કરેલા. વારંવાર લાંબાટુંકા હાથ કરીને ઝઘડતાં રાજુના હાથ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ એટલે કે રોબોની જેમ નમસ્કારની મુદ્રામાં જોડાયેલા હતા. રાજુ રદીનું રાજકારણીમાં રૂપાંતર થઇ ગયેલું!!

" રાજુ. આટલી બધી મિઠાઇ? અર્બન ફિલ્મની કોઇ ચરિત્ર અભિનેત્રી સાથે સેટિંગ થયું છે કે શું?કરિયાવરમાં કેટલા સંતાનો સાથે લાવશે?" મેં રાજુને એકસામટા સવાલ પૂછ્યા.

" ગિરધરભાઇ. લગ્નની વાત જ ન કરશો. મને મરવાનો ટાઇમ નથી. બહુ કામ છે. રાત થોડીને વેશ ઝાંઝા છે. કતલની રાત છે. મારતા ઘોડે દોડવાનું છે!!તમારે મારા પ્રચારમાં આવવાનું છે??" રાજુએ સાંપ્રત સ્થિતિ જણાવી.

" રાજુ શેનો ટેકો? શેનો પ્રચાર? સમજાય તેવું બોલ. ફોડ પાડીને કહે. પહેલી મત બુઝા,મેરે દોસ્ત!" મેં ફ્લોસોફિકલ અંદાજમાં મનની મુંઝવણ બયાન કરી!!

" ગિરધરભાઇ. ખૂબ દોડાદોડી કરી. દિલ્હીના ધક્કાધોડા કર્યા. પણ , છેવટે મેળ પડી ગયો." રાજુએ ઉત્તેજનાથી કહ્યું. તેના મુખકમળ પર સંત આશારામ જેવી ઓરા કે તેજપુંજ વિલસતું હતું!!

" રાજુ. તું વિધાનસભાની ચૂંટણી લડી રહ્યો છું?? તને કોણે કોંગ્રેલે, ભાજપ કે આપે ટિકિટ આપી ?" મેં એકે-૪૭ જેવો સ્ફોટક સવાલ પૂછ્યો!!

" ગિરધરભાઇ .પૂછશો જ નહી. વૈકુંઠ નાનું ને ભગતડાં વધારે છે. ક્યાંક આરબ અને ઊંટ જેવું કમઠાણ છે. બહારના આયાતી કે પેરેશૂટ ઉમેદવાર પક્ષને હાઇજેક કરે છે.,ઘરના પોસ્ટર લગાવે-ખુરશી ગોઠવે, નેતાનો જયજયકાર કરે અને આયારામ ગયારામને ટિકિટ જેવો તાલ છે. કાર્યકરને ઘર કી મુર્ગી સમજે છે. એક પક્ષમાં ટિકિટ લગભગ ફાઇનલ થયેલી અને છેલ્લી ઘડીના ફેરફારમાં સિનારિયો બદલાઇ ગયો.બીજા પક્ષમાં જ્ઞાતિ સમીકરણમાં ટિકિટ બકરાની જેમ વધેરાઇ ગઇ!! ત્રીજા પક્ષમાં ટિકિટોની નિલામી થઇ. તળિયાના ભાવ બે કરોડ હતા તેમાં હરાજીમાં આપણો કયાં ગજ વાગે??પ્રભુ કોઇને ટિકિટ વિના રાત્રે સુવડાવતો નથી!! છેવટે મારો મેળ પડી ગયો" રાજુએ ચૂંટણીની ટિકિટની ખેંચાતાણ રજૂ કરી.

" રાજુ. તને કંઇ પાર્ટીએ ટિકિટ આપી??"'મે મૂળ સવાલ પૂછ્યો.

" ગિરધરભાઇ. હમણા નવી પાર્ટી લોંચ થઇ છે લાંઉપ એટલે કે લાંચ ઉતેજન પાર્ટી. અમારી પાર્ટી લાંચ લેનારના હક્ક -હિસ્સાનું સંરક્ષણ, સંવર્ધન, સંગોપનન અને સમાયોજન કરવામાં વિશ્વાસ રાખે છે!! અમારા પક્ષનો નાનામાં નાનો કાર્યકર લાંચની પ્રવૃત્તિને ધબકતી રાખવા ફૂલ નહી પાંખડી લાંચ રૂપે મળેતે માટે સદૈવ પ્રયત્નશીલ રહેશે!! લાંચના હવનમાં હાડકા નાંખતા એસીબી, ઇડી, ઇન્કમટેકસની શાન ઠેકાણે લાવશે. અમારું સ્લોગન છે" હુ ખાઉ છું. હું બીજાને ખાવા દઉં છું . લાંચ મારો પરમ સંતોષ છે!!" રાજુએ લાં.ઉ. પક્ષની ફિલેસોફી અને મોટો રજૂ કર્યા!!

રાજુ તમારા સંકલ્પપત્ર કયા સંકલ્પો છે??" મેં પૂછયું

" ઇ. સ.૨૦૩૦ સુધીના હર ઘર રિશ્વતનો ટારગેટ છે. મકાન બાંધકામમાં એસઓઆર તૈયાર કરવામાં આવે છે તેમ શિડયુલ ઓફ બ્રાઇબ વૈજ્ઞાનિક ઢબે તૈયાર કરીશું.કીડીને કણ હાથીને મણ મુજબ બધાને સપ્રમાણ લાંચ મળી રહેશે. વિદેશો સાથે લાંચોતેજક દ્વિપક્ષી કરારો કરવામાં આવશે. બિઝનેસ ઇઝ ઓફ ડુઇંગમાં આઝાદીની શતાબ્દીની ઉજવણી સમયે ખાનગી અને જાહેર ક્ષેત્રોમાં લાંચ ક્ષેત્રે મળેલી ઉપલબ્ધિનો શ્યામપત્ર બહાર પાડશું. લાંચમાં વિશેષ યોગદાન માટે લાંચશ્રી, લાંચ ભૂષણ, લાંચવિભૂષણ, લાંચરત્નના પારિતોષિક એનાયત કરવામાં આવશે. એસીબી અને એસીબી કોર્ટોનું વિસર્જન કરીશું"રાજુએ ગેરંટી-વોરંટી, વચનપત્ર, સંકલ્પપત્ર, મેનીફિસ્ટો, ઢંઢેરો જાહેર કર્યો. કવાઇટ ઇમ્પ્રેસિવ. ગ્રાઉન્ડ લેવલે કરેલી મહેનત ચૂંટણી ઢંઢેરામાં પ્રતિબિંબિત થાય છે.

"રાજુ ચૂંટણીના ફોર્મમાં બાયોડેટામાં શું લખ્યું?" મેં રાજુને પૂછયું.

"ગિરધરભાઇ. મેં અભ્યાસના કોલમમાં સાંજ -રોંઢા સુધી અભ્યાસ લખ્યું છે. રોકડ રકમ-હાથ પરની સિલકમાં છીનવીએ એટલી સિલક એમ ઠપકાર્યું છે. મિલકતમાં ઉપર આભ અને નીચે ધરતી એમ અઠેઠે દ્વારકા ઠોક્યું છે. ઉમેદવાર પર નોંધાયેલ ગુનાના કોલમમાં દેશમાં જન્મ લેવાનો અપરાધ કર્યો છે એમ લખ્યું છે!! " રાજુએ ચૂંટણી ફોર્મની વિગતો શેર કરી.!!

" રાજુ. ચૂંટણીમાં જીતની સંભાવના કેટલી છે?" મેં રાજુની દુખતી નસ દબાવી.

"જુઓ ગિરધરલાલ ચૂંટણીમાં જીતે તે સિકંદર બાકી બધા છછુંદર. ચૂંટણીનું પરિણામ ન આવે ત્યાં લગી આપણે વિજેતા જ છીએ. લગભગ દસ હજારની લીડથી જીત દર્જ કરીશ."રાજુએ કહ્યું.

ચૂંટણી રાજુ રદી માટે ભર્યું નારિયેળ છે!!બ્લાઇન્ડમા તીન પતી કે રમી રમવા જેવું છે. એમ તો, લગ્ન પણ બ્લાઇન્ડમાં રમાય છે ને!!ચૂંટણીમાં રાજુ જીતશે કે હારશે તે અંગે તમારું શું મંતવ્ય છે??

લેટ અસ વેઇટ એન્ડ વોચ ટીલ થર્ડ ડીસેમ્બર!!!બેસ્ટ ઓફ લક ટુ રાજુ રદી!!

ભરત વૈષ્ણવ

# માનવીએ પોતાનો સ્વભાવ બદલવો જરૂરી છે.

**" પારસમણિ કે સ્પર્શસે કંચન ભયે તલવાર,**
**"તુલસી " તીનો ના ગયે, માર, ધાર,આકાર".**

ઉપરોક્ત સાખી દ્વારા સંત શિરોમણી શ્રી તુલસીદાસજીએ માનવજાત ઉપર બહું મોટો ચાબખો માર્યો છે. તુલસીદાસજીએ જે કાંઈ પણ લખ્યું છે તે માનવજાતને નજર સમક્ષ રાખીને જ લખ્યું છે અને આપણે એમાંથી કાંઈક શીખવાની પ્રેરણા જરૂરથી લેવી જોઈએ. ઉપરોક્ત સાખીમાં તુલસીદાસજીના કહેવાનો મતલબ એવો છે કે પારસ નામનો મણિ બહું અલભ્ય અને અતિ દુર્લભ છે અને બહુ સરળતાથી અને સહેલાઈથી પ્રાપ્ત થઈ શકતો નથી. અને ભૂલેચૂકે કોઈ ભાગ્યશાળી વ્યક્તિને પારસમણિ મળે તો તે માલામાલ થઈ જાય છે. પારસમણિ એ એક એવો મણિ છે કે જેનો સ્પર્શ માત્ર થવાથી લોખંડ સોનામાં પરિવર્તિત થઈ જાય છે.

તુલસીદાસજીના કહેવાનો મર્મ એ છે કે, પારસમણિના સ્પર્શ માત્રથી લોઢાની તલવાર સોનાની ચોક્કસ બની જાય છે, પરંતુ એની ધાર, અણી કે તીક્ષ્ણતા એમનાં એમજ રહે છે, એની મારવાની શક્તિ તથા આકારમાં કોઈજ ફેરફાર કે પરિવર્તન થાતું નથી.હવે એ તલવાર શોભાના ગાંઠિયા સમાન સાબિત થાય છે કારણકે વખત આવે યુદ્ધનાં મેદાનમાં પણ કામ લાગતી નથી. એવી રીતે અમુક દંભી માણશો સજ્જન અને ધાર્મિક હોવાનો ખોટો ડોળ કરે છે, દિવસમાં બે વખત સ્નાન કરે છે, મંદિરમાં જઈ પૂજા પાઠ કરી પ્રસાદ ધરાવે છે, ગળામાં જાતજાતની માળાઓ ધારણ કરે છે, કથા, કીર્તનમાં નિયમિત જાય છે કે જેથી લોકોમાં એમની સારી છાપ પડે.તુલસીદાસજી કહે છે કે, આ નર્યો દંભ અને પાખંડ છે અને આવા વ્યક્તિઓ બગભગતની વ્યાખ્યામાં આવે છે. જેમ બગલો એક પગે ઊભો રહી તપ કરતો હોય એવો ડોળ કરે છે, પરંતુ જેવી માછલી પગ પાસે આવે કે તરતજ માછલીનો શિકાર કરે છે. આવીજ રીતે દંભી માણસો ઝાઝા દેખાડાં જરૂર કરે છે, કોઈને ગુરૂ બનાવે છે, પરંતુ તેઓ પોતાનો જન્મજાત સ્વભાવ છોડતાં નથી. પોતાનો મંદ, અહંકાર કદી ત્યજતા નથી અને સાપ જેમ ડંખ મારે એમ લાગ મળતાં સામેની વ્યક્તિનું ગળું કાપતાં સ્હેજ પણ વિચાર કરતાં નથી. માણસે જ્ઞાની સાધુ સંતની સોબતમાં રહીને, પોતાનો સ્વભાવ અને જીવન એ પ્રમાણે બદલવું જોઈએ, કોઈને કનડતા કરતાં કોઈને મદદરૂપ થવાની ભાવના રાખવી જોઈએ. સારા અને સદ્ગુણી ગુરૂ પાસેથી જે કાંઈ જ્ઞાન પ્રાપ્ત થયું હોય તે અન્ય લોકોને વહેંચવું જોઈએ. જો તમે એક વ્યક્તિમાં પણ બદલાવ લાવી શકશો તો એ તમારી સિદ્ધિ ગણાશે. પરંતુ આ બધું પોથીમાંનાં રીંગણાં જેવું છે. જેમ પારસમણિના સ્પર્શતી લોખંડની તલવાર સોનાની બની જાય છે, પરંતુ એનો આકાર, એની ધાર અને કાપવાની છટામાં કોઈજ ફરક પડતો નથી. એવીજ રીતે સારા સંતના ચરણોમાં સ્થાન પામ્યાં પછી તે વ્યક્તિ લોકોમાં જાણીતો જરૂર બને છે, પરંતુ એ એની હલકી વૃત્તિઓ, અવગુણો કે બુરાઈઓને ત્યાગતો નથી, એ તો એનાં મનમાં છુપાઈને બેઠેલા જ છે. હકીકતમાં માનવજાતે આ બધું બદલવાની જરૂર છે. તુલસીદાસજી કહે છે કે કોઈપણ વ્યક્તિ ગમે તેવો ડોળ, દેખાવ કે આડંબર કરે, એકના એક દિવસે તો એની પોલ ખુલી જાય છે. આમ તલવારના ઉદાહરણ દ્વારા તુલસીદાસજીએ માનવજાતને પોતાનો સ્વભાવ બદલવાની ઝાંખી બતાવી છે.

યોગેશભાઈ આર જોશી
હાલોલ: ૩૮૯૩૫૦, જિ.પંચમહાલ

### શ્રી કલોલ બ્રહ્મસમાજની સ્થાપના કરી તેમાં કલોલમાં કાર્યરત તમામ

# બ્રહ્મ સમાજનું વિલીનીકરણ કરવા તથા સમાજની એકતા અને સંગઠિતતા માટે કલોલ ખાતે બેઠક યોજાઇ



કલોલ ખાતે દંઢાવ્ય છોતેર અને સમસ્ત ઔદિચ્ય બ્રહ્મ સમાજ કલોલની કારોબારી સભ્યોની બેઠક યોજાઈ ગઈ હતી. જેમાં અધિક માસમાં પંચવટી વિસ્તારમાં યોજાયેલ શ્રીમદ ભાગવત કથાના આયોજન કરેલ તેના આવક જવાબના હિસાબો તેમજ આયોજન અંગે વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત આ કથા ના આયોજનમાં સામેલ તમામ કાર્યકરો, દાતાશ્રીઓ તેમજ કલોલની ધર્મપ્રેમી જનતાનો આ બેઠકમાં આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

આ ઉપરાંત આ મિટિંગમાં ઉપસ્થિત સૌ બ્રહ્મ અગ્રણીશ્રીઓએ આગામી સમયમાં શ્રી કલોલ બ્રહ્મસમાજની સ્થાપના કરી તેમાં કલોલમાં કાર્યરત તમામ બ્રહ્મ સમાજનું વિલીનીકરણ કરવા તથા સમાજની એકતા અને સંગઠિતતા માટે એકજૂટ થવા એકમત વ્યક્ત કર્યો હતો. વધુમાં સમગ્ર કલોલ શહેર તેમજ તાલુકાના બ્રહ્મ બંધુઓના હિતાર્થે એક ભવ્ય બ્રહ્મ સમાજ વાડીના આયોજન માટે ટ્રસ્ટ મંડળની રચના પણ કરવા ઠરાવવામાં આવ્યું હતું. બ્રહ્મ સમાજના જુદા જુદા તડ ગોળના વાડાઓને તિલાંજલી આપી સમગ્ર બ્રહ્મ સમાજના હિતમાં સ્તુત્ય આ પ્રયાસમાં હકારાત્મક અભિગમ દાખવી ઉપસ્થિત ૨૧ જેટલા બ્રહ્મ બંધુઓએ રૂ. ૧ લાખનું વ્યક્તિગત યોગદાન આપી આ કાર્યને આગળ ધપાવવા માટે પ્રેરણા આપી હતી. આગામી સમયમાં કલોલ તાલુકામાં વસતા તમામ બ્રહ્મ બંધુઓના ઉપયોગ માટે આ વાડીની રચના થાય તેમજ બ્રહ્મ એકતા જળવાઈ રહે તે માટે બહુ આયામી પગલાંઓ લેવા ધ્વનિ મત રજૂ કરવામાં આવ્યો હતો.

બ્રહ્મ એકતા અને બ્રહ્મ સમાજ વાડીના આયોજન માટે કલોલ શહેર તેમજ તાલુકામાં વસતા તમામ તડ ગોળના બ્રહ્મ બંધુઓને આગળ આવવા માટે ઉપસ્થિત સૌ બ્રહ્મ અગ્રણીશ્રીઓ દ્વારા અપીલ પણ કરવામાં આવી હતી. આ અંગે વધુ માહિતી માટે શ્રી પ્રદીપભાઈ જોષી ( મો. ૯૮૨૪૦૬૬૪૯૯), ડૉ. હરીશ રાવલ ( મો. ૯૮૨૪૪૨૯૦૮૨), ડૉ. બિમલ જોષી ( મો. ૯૮૨૫૩૯૯૮૩૨), શ્રી પ્રવીણભાઈ રાવલ ( મો. ૯૮૭૯૫૬૭૪૨૦), શ્રી મહેશભાઈ પંડ્યા ( મો. ૮૭૩૨૯૯૫૮૨૫), શ્રી દિનેશચંદ્ર વ્યાસ ( મો. ૯૪૨૮૪૧૭૧૯૪) પર સંપર્ક કરવા શ્રી કલોલ બ્રહ્મસમાજ ની યાદીમાં જણાવાયું છે.

આ બેઠકમાં બ્રહ્મ અગ્રણીશ્રીઓ સર્વે શ્રી પ્રદીપભાઈ જોશી, શ્રી દિનેશચંદ્ર વ્યાસ, શ્રી મહેશભાઈ પંડ્યા, શ્રી પ્રવીણભાઈ રાવલ, ડૉ .હરીશભાઈ રાવલ, ડૉ.બિમલ જોષી, શ્રી જ્યોતીન્દ્રભાઈ દવે, શ્રી અલકેશભાઈ પંડ્યા, શ્રી શ્યામસુંદર જાની, શ્રી શરદભાઈ આચાર્ય, શ્રી ભાનુભાઈ વ્યાસ, શ્રી ભરતભાઈ ઠાકર, શ્રી મહેશભાઈ જોશી, શ્રી વિષ્ણુભાઈ રાવલ અને અન્ય સન્માનીય સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

### હારીજમાં એપ પર ઓનલાઇન જુગાર રમતા શખ્સને પોલીસે ઝડપી પાડ્યો, પાટણનાં શખ્સનું પણ નામ ખુલ્યું

હારીજના હાઈવે ઉપર આવેલા અંબિકા પાર્લર આગળ એક વ્યક્તિ પોતાના ફોનમાં ઓનલાઈન જુગારના સોફ્ટવેરમાં યુઝર નેમ પાસવર્ડથી લોગ ઈન થઈને ઓલ કેસિનો ઓપ્શન ઉપર પૈસાનાં ભાવ લગાવી પોતાનાં આર્થિક ફાયદા માટે ગ્રાહકો સાથે હારજીતનો ઓનલાઈન જુગાર રમી રમાડતો હતો. જેથી પોલીસે રેડ કરીને રૂા. ૫૦૦૦ મોબાઈલ સાથે પ્રકાશચંદ્ર ઉર્ફે સોનું બબલદાસ પટેલ રે. મુળ ગંગેટ, તા. ચાણસ્મા, હાલ રે. મહેસાણાવાળાની અટકાયત કરી હતી. તેમજ તેને ઉપરોક્ત સટ્ટાની એપ્લીકેશન આપનારા પાટણનાં મુન્નાભાઈ સામે ગુનો નોંધ્યો હતો. જોકે, તે મળી આવ્યો ન હોતો.

આ બાબતે પોલીસે પ્રકાશને પૂછતાં તેણે જણાવેલ કે, આ એપ્લીકેશન આઈ.ડી. પાટણનાં મુન્નાભાઈ પાસેથી વોટ્સએપ દ્વારા લીધી હતી. જેમાં તેણે પ્રકાશને તા. ૧-૧૨-૨૩નાં રોજ રૂા. ૨ લાખનું બેલેન્સ કરાવી આપ્યું હતું. પ્રકાશ આ એપ્લીકેશનમાં થતી હારજીતનાં પૈસા મુનાભાઈને રોકડમાં આપતો હતો. પોલીસે ગુનો નોંધ્યો હતો.

## ભરી છે

જન્મ ટા'ણે એવી એણે હૂંફ ભરી છે,
પગરવના પમરાટે એણે ગુંજ ભરી છે,

ઝાંઝર રણકયું છે એની ઉદય વેળાએ,
ફૂલ-કળીઓમાં એવી મહેંક ભરી છે,

મા,ની મમતામાં આપ્યો છે સથવારો,
ઝાકળ બિંદુઓમાં એવી હૂંફ ભરી છે,

દુરંદેશી છે ઉડતું પારેવું,અંબરને ભેદે,
સૂર્ય કિરણે આજે અજવાસ ભરી છે

મેહુલ પ્રજાપતિ 'સૂરશબ્દ'(ભુજ-કચ્છ)

## ઉમંગ છે.

ખીચોખીચ ખયાલો ખિન્નતાનો જંગ છે,
મનમાં તો અજબ ભિન્નતાનો રંગ છે.

હમણાં સુધી અડીખમ હતી દીવાલો,
વીત્યો સમય-જાણે જીર્ણતાનો સંગ છે.

શબ્દોથી મજબૂરી ઝટ ક્યાં સમજાય ?
મન મસ્તિષ્કમાં હાવી શૂન્યતા દંગ છે.

ભગ્ન અવશેષ જેવો ખંડેર વારસો,
પથ્થરમાં ઈતિહાસની ભવ્યતા તંગ છે.

પર્વત જુએ મનથી નદી ઝરણાંને,
કુદરતની નિત્ય ભવ્યતાનો ઉમંગ છે.

-દિનેશ નાયક "અક્ષર"(સરડોઈ)

## વાલમ.

તારાં વહાલ વરસાવતાં વેણે વીંધાઈ હું તો વાલમ.
મધમીઠા શબ્દો સાંભળતાં હરખાઈ હું તો વાલમ.

અણિયાળી આંખે કીધું કામણ કેવું અદભુત આજે,
નીખરતાં રૂપયૌવન થકીને અકળાઈ હું તો વાલમ.

જાદુટોના જેવી તારી અસર મન પર કબજો જમાવે,
સ્મિત હોઠેને નાજુક અદાથી મલકાઈ હું તો વાલમ.

સાવ હરાઈ ગયું મન મારું પરવશતા પામી ગૈ કેટલી,
પ્રેમાબ્ધિમાં સંતૃપ્તિને વિયોગે વલખાઈ હું તો વાલમ.

શબ્દસ્થ હતો તું ગઈકાલેને આજે થઈ બેઠો ઉરસ્થ,
અશ્રુ ખૂટ્યાં, શબ્દો તૂટ્યાને હકલાઈ હું તો વાલમ.

- ચૈતન્ય જોષી. ' દીપક ' (પોરબંદર)

## અધૂરા અરમાન

રહી એક જ યાદ ના છોડી કોઈ ફરિયાદ,
તમારા ગમન બાદ આવ્યા તમે ફરી યાદ.

મન આગિયો થઈ ભટકે છે દિશાવિહીન,
ત્યજ્યો તમે સંસાર ને અમે થયા અસાર.

હયાતીની હવા હજુ મુજ આતમને સ્પર્શે,
તન સદાયે ઝંખ્યા કરે યુગયુગનો સહવાસ.

મુજ નજર તળે ઘૂઘવતો રહ્યો જલધિ સદા,
અધર રહ્યા બરછટ સદા કદી બુઝી ન પ્યાસ.

ના હું સતીસાવિત્રી ના આપ હતા સત્યવાન,
માયાવી નગરીમાં રહી ગયા અધૂરાં અરમાન.

કિરીટકુમાર પી.વાઘેલા (વડોદરા)

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**N. O. G, S. S, No. 0102.**
વિષય:- સાચું સગપણ.
શીર્ષક:- નિસ્વાર્થ પ્રેમ.
પ્રકાર:- ગદ્ય લેખ.
શબ્દ સંખ્યા:-૩૪૫.
લેખકનું નામ:- રતીલાલ વાયડા
રચના:-

આપણા જીવનમાં માતા-પિતા તેમજ કુટુંબના અન્ય વ્યકિતઓ સગા સંબંધીઓ મિત્રો વગેરે સાથેઆપણેસાચાસગપણથીજોડાયેલા છીએ, પરંતુ કેટલાક સગપણ એવા આવતા હોય છે કે જેમાં કોઈપણ પ્રકારનો સ્વાર્થ નથી હોતો. આવા સગપણને પણ આપણે સાચું સગપણ કહી શકીએ.

આવા જ એક સાચા સગપણને મારી સાથે બનેલી સત્ય ઘટના આપની પાસે રજૂ કરું છું.

હું નોકરી માટે એક કંપનીમાં ઇન્ટરવ્યૂ માટે ગયો અને ત્યાં મારી પસંદગી થઈ ગઈ . પસંદગી તો થઈ પરંતુ હું કોલેજમાં ભણતો હતો અને નોકરીએ મારી મજબૂરી હતી. આવા સમયે કોલેજ ચાલુ રાખવી અને નોકરી પણ ચાલુ રાખવી આવી પરિસ્થિતિ મારી સામે ઊભી રહી. મેં મારા ખાતા અધિકારી શ્રી ઠાકોરભાઈ પટેલને વિનંતી કરી કે હું દ્વારકા કોલેજમાં અભ્યાસ કરું છું . અભ્યાસ ચાલુ રહે તો જો આપ મને બપોરના બે વાગ્યાથી રાત્રે ૧૦.૦. વાગ્યા સુધીની નોકરી આપો જેથી હું સવારે મીઠાપુર થી જઈ અને દ્વારકા કોલેજ સવારે એટેન્ડ કરી શકુ અને બપોરે ૨.૦. વાગ્યાથી રાત્રે ૧૦.૦૦.વાગ્યા સુધી કંપનીમાં કામ કરી શકુ. સાહેબે મારી વાતને સમજી અને મને અનુમતી આપી. જેને કારણે હું નોકરી પણ કરી શકું અને કોલેજ પણ કરી શકુ. . આ રીતે મેં તાતા કેમિકલ્સમાં સેન્ટ્રલ લેબોરેટરીમાં પ્રોડકટ ઇન્સ્પેકટોરેટ ડિપાર્ટમેન્ટમાં ટેસ્ટર તરીકે ચાર વર્ષ સુધી નોકરી કરી અને હું ગ્રેજ્યુએટ થઈ શક્યો. આ યસના ભાગી શ્રી ઠાકોરભાઈ પટેલ છે. જેમના પ્રોત્સાહનથી મને ગ્રેજ્યુએશન મળી શક્યુ. ત્યાર પછી મેં જામનગર મુકામે ડી. કે, વી . કોલેજમાં એમ. એ. ના વર્ગ જોઈન્ટ કર્યા. તેમાં શનિ અને રવિવારે મીઠાપુર થી જામનગર બે દિવસ કોલેજમાં જવું પડતું હતું. મારી શનિવારની રજા પણ મંજૂર કરવામાં આવી અને આ રીતે હું એમ ,એ . કરી શક્યો.

આટલું શિક્ષણ પ્રાપ્ત કર્યા પછી કંપનીમાં મારે માટે કોઈ સારી જગ્યા મળી શકે તેવી શક્યતા ન હતી .તેથી મેં તાતા કેમિકલ્સ છોડી દીધું અને મીઠાપુર હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે જોડાઈ ગયો અને ત્યાં ૩૫ વર્ષ સુધી શિક્ષક તરીકે નોકરી કરી અને નિવૃત્ત થયો, સાથે એન.સી. સી. નેવલ વીંગના ચીફ ઓફિસર તરીકે પણ મેં કામ કર્યું.

આ નિસ્વાર્થ ભાવે સાચું સગપણ નિભાવનાર શ્રી ઠાકોરભાઈ પટેલને તેનો યશ જાય છે. આજે પણ તેઓ એ જ પ્રેમથી મારી સાથે વ્યવહાર રાખે છે અને આમ સાચું સગપણ નિભાવનાર આવા વ્યક્તિને હું સતત નમસ્કાર કરું છું.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SSN 0089**
વિષય સાચું સગપણ
શીર્ષક ફરેબ
પ્રવિણા કડકિઆ

---

સાચું સગપણ કોનું માનશો? '' મેરો તો ગિરિધર ગોપાલ'' વાળી મીરાનું ? ''શામળા ગિરિધારી'' કહી નાચતા નરસિંહ મહેતાનું સગપણ? બાકી બધું આ જગે ભ્રાંતિ !

આ સંસારે આવ્યા, કેટલા સગપણ પામ્યાં ? ઈશ્વર પાસે માગણી કરી ન હતી. તેની મહાનતાનો અનુભવ થયો. આપણે તેમાં સ્વાર્થ ભેળવ્યો , સગપણને અપવિત્ર બનાવ્યા. જુજ સગપણ હશે જેમાં સ્વાર્થ ગૌણ હશે. છતાં આ સંસારે હસતું મુખ રાખી આપણે સગપણ નિભાવીએ છીએ.
જેના પાયાના ચણતરમાં વિશ્વાસ ધરબ્યો હોય તે સગપણ સાચું. જીંદગીની ઈમારતને પ્રેમ અને સતનું ખાતર આપો બધા સગપણ સોહી ઉઠશે. જેને કારણે જીંદગીની ઈમારત ભલભલા વાવાઝોડા અને ધરતીકંપ સામે આડિખમ ટકી રહેશે.
જયાં સુધી સગપણનો ગેરલાભ ન લઈએ ત્યાં સુધી એ મીઠું મધુરું લાગે છે. ભાઈ, બહેન, માતા, પિતા, પતિ, પત્ની . પરિવાર કેટલા સુંદર સગપણ છે. ક્યારે તેમાં દરાર પડે છે ખબર પણ પડતી નથી.

જ્યારે તેવી પરિસ્થિતિ આવે તે સમયે જીવન આકરું થઈ જાય છે. સગપણ ફરેબ જણાય છે. વિશ્વાસ ડગમગી જાય છે.

સગપણને મધુરું રાખવા સદા પ્રયત્ન કરવો. વ્યવહારમાં સ્વાર્થ વેગળો કરવો, જે અત્યંત કઠિન છે.

સાદી એક વાત કહીશ , ''કૂતરો આપણને કરડે, આપણે કૂતરાને સામું કરડતા નથી''.
બાળપણના સગપણની વ્યાખ્યા જુવાનીમાં અવનવા રુપ ધારણ કરે છે. નવા સગપણ ઉમેરાય છે. જૂના સરકતાં જણાય છે. પૈસાનો પ્રવેશ અને સગપણની રુપરેખા વચ્ચે તાલમેલ રાખવો કુશળતા દર્શાવે છે.
દરેક સગપણની મર્યાદા જાળવવી, તેમાં સ્વાદ જળવાઈ રહે એવી મનોરામના. બાકી અંતિમ ઘડીએ સગપણ સહુ છૂટી જશે. અનાસક્તિ કેળવવી આવશ્યક થે.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

ર્ફંજીજી જીજીર્ફં...૭૩
વિષય.સાચું સગપણ
શીર્ષક. નિઃસ્વાર્થ પ્રેમ.
પ્રકાર..ગદ્ય.

સાચું સગપણ એટલે લોહીના જ સંબધો નહીં પણ એવા સંબધો જેમાં સ્વાર્થ વગર એકબીજા માટે સાચી લાગણી હોય આ સાચી લાગણી ને નિસ્વાર્થ પ્રેમ તમને નાના બાળક માં જોવા મળે છે,મારે અમદાવાદ એક પ્રસંગમાં જવાનું થયું એટલે મેં મારા ગાડીવાળા ભાઈને કોલ કર્યો લેવા આવી જજો ચાર વાગે પ્રસંગ પત્યો એટલે એ ભાઈ થોડીકજ વારમાં પોતાની પત્ની અને બે નાના ભૂલકાં ને લઈને અમને લેવા આવ્યા એમની પત્ની પણ ખૂબ સારા સ્વભાવની દીકરી અમને કહે આ બહુ તમારી વાતો કરે છે આજે તમને રૂબરૂ મળવાનું થયું તમે અમદાવાદ આવો ને મારે ઘરે ના આવો એ નહીં ચાલે એટલે અમે એના ઘરે ગયા એ દીકરીએ ચા કોફી નાસ્તો આપ્યો ત્યાંસુધી અમે એના બે નાના ભૂલકાં એક દોઢ વર્ષનું એક ચાર વર્ષનું એની સાથે રમતા બાળકોને મજા પડી ગઈ જ્યારે અમે જવા નીકળ્યા ત્યારે ચાર વર્ષ વાળો દીકરો કહે "તમે ના જાવ" રોકાઈજાવ મારે ઘરેજ રહો ને એની આંખમાં આશું આવી ગયા કેવો નિઃસ્વાર્થ પ્રેમ એક કલાક પહેલા મળ્યા છે પણ કેટલું પોતાના પણું કદાચ નાના બાળકોને દાદા દાદી કે નાના નાની ના પ્રેમની જરૂર હોય છે અમે એને ફરી આવીશું એવું વચન આપી ત્યાંથી નીકળી ગયા આજે પણ એનો ચહેરો મને દેખાય છે કેવું નિઃસ્વાર્થ બાળક એ ભાઈ એટલે ઉબેર એપમાંથી આવતા હતા આજે ઘર જેવો સંબધ જ્યાં જાવ ત્યાં એક ફોન કરો એટલે હાજર જેટલા થાય એટલાજ પૈસા લે છતાંય આટલી આત્મીયતા રાખે એવુ
બહુ ઓછી વ્યક્તિ માં જોવા મળે.
નયના પટેલ..નૈન.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG:SS:NO. : 142**
વિષય : સાચું સગપણ
શીર્ષક ; લાગણીનું સગપણ
શબ્દો : ૬૭
લેખક/કવિ : શૈલેષ ભોઈ ★શાલુ★

જેમ હતું બે ચુલ્હા વચ્ચે, ઢાંકણીનું સગપણ.
ગોપી, રાધા ને કાન વચ્ચે, વાંસળીનું સગપણ.

દૂર રહેતા હોય ભલે, કાયમ રહેતા મદદગાર,
સૂર્ય, ચંદ્ર ને ધરતી વચ્ચે, તાસણીનું સગપણ.

જ્યાં ભાવ હોય ત્યાગનો, ત્યાં પ્રેમ ભારોભાર,
તિરસ્કાર દેખાય છે, જ્યાં માંગણીનું સગપણ.

રોજ શીખવું, તારવવું, સુધારવું ને જાળવવું,
અનુભવ અને ભૂલો વચ્ચે, ચાળણીનું સગપણ.

જ્યાં ભાઈઓ વાળે વેર, ત્યાં મિત્ર આવે વ્હારે,
★શાલુ★ લોહી કરતા ચડિયાતું, લાગણીનું સગપણ.

શૈલેષ ભોઈ ★શાલુ★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**: NOG SS 0092**
પ્રકાર:- પદ્ય
વિષય:- સાચું સગપણ
શિર્ષક:- માબાપ

એક નાનકડો જીવ શું આવ્યો જગે,
સગપણની વણઝાર મળી જન્મતાંની જ સાથે.
કેટલાંક લોહીના તો કેટલાક સ્નેહના,
સહુને ચઢાવ્યા પ્રેમથી મેં માથે.

સગપણની સાથે ક્યાંક ફરજો જોડાઈ,
ક્યાંક જોડાયા અધિકારો કોઈની સંગાથે.
ક્યાંક સ્વાર્થના રંગે સગપણ રંગાયું તો,
ક્યાંક સગપણ નવાજાયું સમર્પણની સાથે.

સગપણમાંથી નીપજી અનંત અપેક્ષાઓ,
જેણે ક્યારેક મારી કાપી છે પાંખો.
રહ્યું સદાય હૃદય લોહી નીતરતું ને,
ચોમાસાની જેમ વરસતી રહી મારી આંખો.

અનુભવે સમજાયું કે આ સઘળું છે ફોગટ,
સાચું સગપણ છે માતા અને
આભાર - નિહારીકા રવિયા પિતાનું.
જન્મ આપવા જે જીવનને જોખમે છે નાંખે,
ને જીવાડવા લોહી - પસીનો રેડે પોતાનું.

આયખું આખુંય ઘસી નાંખે સંતાન કાજે,
ગમેતેવા સંતાનમાંય એમને તો લાલો ને રાધા વિરાજે.
બાધા, આખડીઓ ને વ્રત- ઉપવાસો કરે એના ભલા કાજે,
ગમે એવું વર્તન પણ સંતાનનું એમને તો છાજે.

અવાજના થડકારે એ સંતાનની હાલત કળી શકે,
ના કહે તોય એની પીડાઓ ખુદ અનુભવી શકે.
જેમની દુનિયા સંતાનની જ ચારેકોર છે,
આવું સગપણ માબાપ વિના કોણ નિભાવી શકે?

જેના વાત્સલ્ય, સ્નેહને મમતાનો કોઈ પાર નથી,
એ માબાપ વગર સાચો કોઈ આધાર નથી.
સહું સગપણ છે એમનામાં જ સમાયા,
સાચું આ એક જ સગપણ, જાણે સૂકા રણે મળી એક લીલીછમ છાંયા.
અલકા નવિનચંદ્ર મહેતા,ગાંધીનગર

# અંજાર (કચ્છ) ખાતે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પ્રેરિત સેવા સાધના કચ્છ આયોજીત ગો આધારિત સજીવ ખેતીનાં ઉત્પાદનોનું પ્રદર્શન અને વેંચાણ.

ગંભીર કોરોના કાળ પછી વર્તમાનમાં હદયરોગ, કિડની અને લીવર સહિતના અનેક ઘાતક રોગના અતિ ભયજનક રીતે વધતાં પ્રમાણ અને તેનાં દુષ્પરિણામોથી સમગ્ર સમાજ ચિંતિત છે ત્યારે રાસાયણિક ખાતરો અને ઝેરી જંતુનાશકોથી પાકતાં અનાજ, શાકભાજી, ફળો અને ભેળસેળીયા ખાદ્ય તેલ તેમાં મુખ્ય ભૂમિકા ભજવે છે. આ પરિસ્થિતિથી બહાર નિકળવાના ઉપાય તરીકે અંજારમાં આર.એસ.એસ.પ્રેરિત સેવા સાધના- કચ્છ દ્વારા ગાય આધારિત સજીવ ખેતીના અનાજ, શાકભાજી, ફળફળાદી અને વિવિધ ગોબર ઉત્પાદનોના તોરલ સરોવર (ખડિયા) પાસેના ખેડૂતો દ્વારા સીધા વેંચાણને વધુ વિસ્તારીત કરવામાં આવ્યું છે. ગાય આધારિત ખેતીથી અનેક ખેત પેદાશ પકવતા ખેડૂતોને યોગ્ય બજાર ભાવ મળે અને ખેત ઉત્પાદન ખરીદવા ઇચ્છુક ગ્રાહકો વચ્ચે સીધો સંપર્ક કરાવી આપવાનાં માધ્યમ તરીકે છેલ્લા ૩ વર્ષથી દર રવિવારે એક ગાય આધારિત સજીવ ખેત પેદાશ વેચાણ કેન્દ્રનું અંજારમાં સંચાલન થઈ રહ્યું છે. અનેક ગામોના અનેક લોકો પણ આ કેન્દ્રનો લાભ લઈ રહ્યા છે. ગ્રાહકોની માંગને ધ્યાનમાં લઈ હવે દર રવિવાર ઉપરાંત ગુરુવારે પણ આ કેન્દ્ર ચાલુ રાખવાનો નિર્ણય લેવાયો છે. ૩ ડિસેમ્બરે રવિવારનાં રોજ શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજી અને ગો કથાકાર ધનેશ્વરભાઈ જોષીની ઉપસ્થિતિમાં વેંચાણ કેન્દ્રનો શુભારંભ કરવામાં આવશે. આ તકે સૌરાષ્ટ્ર પ્રાંતનાં પ્રાંત કાર્યવાહ મહેશભાઇ ઓઝા, સેવા સાધનાનાં પ્રમુખ માવજીભાઈ સોરઠિયા, નગર સંઘચાલક ડૉ. અમિતભાઈ પટેલ, ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદ, ધારાસભ્ય ત્રિકમભાઈ છાંગા, વેલાભાઈ ઝરુ, વૈભવભાઈ કોડરાણી ઉપસ્થિત રહેશે. આ સમારંભ તોરલ સરોવર (ખડીયો), સ્ટેડીયમ ની બાજુમાં, અંજાર– કચ્છ ખાતે રાખવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં સૌ ગાય અને આરોગ્ય પ્રેમીઓને ઉપસ્થિત રહેવા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ અંગે વિશેષ માહિતી માટે વાલજી મરંડ (મો. ૯૯૨૫૩૧૯૨૭૮) અને મેઘજીભાઈ હિરાણી(મો. ૯૪૨૮૦ ૮૧૧૭૫) નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# ગુજરાત હાઇકોર્ટમાં બિલ્ડરો સાથેના મેળાપીપણામાં મજુર મહાજનની મંજૂરી એ મીલ કામદારો સાથેનો કારમો વિશ્વાસઘાત

ગુજરાત હાઈકોર્ટમાં પ્રસાદ મીલની રૂ. ૫૦૦ કરોડની કિંમતની જમીન , કામદારોના ૪૦ વર્ષના વિલંબ માટેના બેન્કના સરેરાશ વાર્ષિક ડીપોઝીટ જેટલા વ્યાજ સાથેના રૂ. ૧૮૦ કરોડના લ્હેણાંની રકમની સામે રૂ. ૭ કરોડમાં પતાવટ કરી સ્કીમના નામે રૂ. ૨૫ કરોડમાં આપી દેવાની દરખાસ્ત ને ગુજરાત હાઈકોર્ટમાં બિલ્ડરો સાથેના મેળાપીપણામાં મજુર મહાજનની મંજૂરી એ મીલ કામદારો સાથેનો કારમો વિશ્વાસઘાત.

- પ્રસાદ મિલના કામદારોને ન્યાય મળે તે માટે એક અગત્યની બેઠક સોમવારે બપોરે ૨-૦૦ કલાકે સરદાર પટેલ સ્મારક સભાગૃહ, લાલદરવાજા ખાતે બંધ મિલ કામદાર પુનઃસ્થાપન સમિતિના સંયોજકશ્રી દિપક બાબરીયાની ઉપસ્થિતીમાં મળશે અને પ્રસાદ મિલ કામદારોને સાચો ન્યાય મળે તે માટેની કાનૂની લડત માટે રણનિતિ ઘડી કાઢવામાં આવશે.

- ૪૦ વર્ષથી પોતાના હક અને લ્હેણાંની વ્યાજબી રકમ માટે ઝઝૂમતા કામદારોને મોટામાથાઓ સાથેની વગવાપરી ડુબાડી દેવા માંગતા સ્થાપિતહિતો સામે કામદારોમાં ભારે આક્રોશ.

- બંધ મિલ કામદારોના ન્યાય માટે સુપ્રીમ કોર્ટમાં ન્યાય માટે કાનૂની લડત લડાશે.

ooooooooooooooooooooooooooooooooooooooooooooooooooooooooooooooooooo

૧૯૮૩ માં બંધ થયેલી પ્રસાદ મીલમાં ૧૪૦૦ થી વધુ કામદારો કામ કરી રહ્યા હતા જેમાંથી આજ સુધીમાં ૫૦ ટકા જેટલા કામદારો ન્યાયની આશામાં ૪૦વર્ષથી રાહ જોતા મૃત્યુ પામ્યા છે. ૧૯૮૬ માં મીલનું લીકવીડેશન જાહેર થયેલ અને કામદારોની લ્હેણાની રકમ રૂ. ૮ કરોડ નિર્ધારીત કરવામાં આવેલ. મીલની મશીનરી, બિલ્ડીંગ તેમજ અન્ય મિલકતો વેચતા તેમાંથી કામદારોને તેમના હિસ્સાની ફક્ત ૧૦ થી ૧૨ ટકા રકમ જ પ્રાપ્ત થયેલ.

બાકીની રકમ જમીનના વેચાણમાંથી જ પ્રાપ્ત થઇ શકે તેવી પરિસ્થિતિ હતી પરંતુ આ મિલની જમીન લીઝની જમીન હોવાથી કાયદાની આંટીઘૂંટીમાં સપડાઈ ગયેલ અને સુપ્રીમ કોર્ટની કામદારોના હિતમાં સ્કીમ કરી મિલને પુનઃ જીવંત કરવાની ટકોરનો લાભ લઇ કેટલાક બિલ્ડરો દ્વારા - મિલની શહેરની વચ્ચોવચ વિક્ટોરિયા ગાર્ડન-લાલ દરવાજા પાસે આવેલ આશરે ૩૫૦૦૦ ચો.મી. જમીન પાણીના મુલ્યે હડપ કરીજવાના ઈરાદે એક સ્કીમ રજુ કરવામાં આવેલ. આજરોજ આ જમીનનું મૂલ્ય છેલ્લાં ૪૦ વર્ષમાં ૨૫ ગણું થઇ ગયું હોવા છતાં, જમીનનો ભાવ રૂ.૧.૩૦ લાખ પ્રતિ મીટર થઇ ગયો હોવા છતાં કામદારોને તેમના ૪૦ વર્ષ પહેલા ગણતરી થયેલા બાકી રૂ.૭ કરોડ રકમની ફક્ત ૪ ટકા સદા વ્યાજ સાથે રૂ. ૨૦ કરોડમાં પતાવટ કરવાની દરખાસ્ત કરેલ.

ગુજરાત હાઈકોર્ટમાં કામદારોની રૂ. ૧૮૦ કરોડની વ્યાજ સાથેની લ્હેણી રકમની રૂ.૨૦ કરોડમાં પતાવટ કરી સ્કીમના નામે મીલની રૂ. ૫૦૦ કરોડની જમીન રૂ. ૨૦ કરોડમાં બિલ્ડરોને આપી દેવાની મંજૂરી આપી કામદારોની આર્થિક હત્યા અને વિશ્વાસઘાત કરવામાં આવ્યો છે.

કોઈપણ સ્કીમ મુક્તા સમયે જે તે લેણદારોને જનરલ બોડીની મીટીંગ બોલાવી સ્કીમ અંગેની સમજ અને મંજૂરી લેવી ફરજીયાત હોવા છતાં મજૂર મહાજન સંઘ દ્વારા છાના ખૂણે કામદારોને વિશ્વાસમાં લીધા સિવાય કામદારોને હળાહળ અન્યાય કરતી સ્કીમને મંજૂરી આપી દેવામાં આવેલ. પરંતુ સ્થાપિત હિતોની આ સાંઠ ગાંઠની રમત અને મીલની કરોડો રૂપિયાની જમીનને હડપવાના ખોટા ઈરાદા સાથે રજુ કરવામાં આવેલ સ્કીમ અંગેનો કામદારોનો સખત વિરોધ નામદાર હાઈકોર્ટની નજરમાં આવી જતા તે સ્કીમ ને સને ૨૦૧૯માં સિંગલ જજ ની બેંચ દ્વારા ફગાવી દેવામાં આવી હતી.

સૌથી મોટી વાત એ છે કે ર્ન દ્વારા મીલનું વેલ્યુએશન, કામદારોના અને લ્હેણદારોના લ્હેણાં ની ચકાસણી પ્રક્રિયા બાકી હોવા છતાં, કામદારોની ૪૦ વર્ષના વિલંબિત ચુકવણી માટે બેન્કના આ વર્ષોના સરેરાશ વાર્ષિક વ્યાજ સાથે રૂ. ૧૮૦ કરોડ ની રકમની માંગણી ની સામે માત્ર રૂ. ૭ કરોડમાં પતાવટ અને રૂ. ૫૦૦ કરોડ ની મિલકત રૂ. ૨૫ કરોડમાં સોપવા માટે સુનાવણી કરાઈ રહી છે ત્યારે મજૂર મહાજન દ્વારા ધારણ કરવામાં આવેલ મૌન હાઈકોર્ટના વર્તુળોમાં અને લોક જીભે ચર્ચાનો વિષય બન્યા છે.

વર્ષોથી હક્ક-અધિકારના નાણાં મેળવવા માટે ઝઝુમતા પ્રસાદ મીલના કામદારોમાં હતાશા અને ચિંતાની લાગણી પ્રસરી છે. તેઓએ જે વગદાર લોકો / સ્થાપિત હિતો કામદારોના હક લૂંટી લેવા માંગે છે તેમની તપાસ કરી કામદારોને તેમનો હક મળે તે નિશ્ચિત કરવા અને ગરીબ માણસોના અધિકારો અને હકો સાથે રમત કરતા પરિબળોને દાખલારૂપ સજા કરવામાં આવે.

પ્રસાદ મિલના કામદારોને ન્યાય મળે તે માટે એક અગત્યની બેઠક સોમવારે બપોરે ૨-૦૦ કલાકે સરદાર પટેલ સ્મારક સભાગૃહ, જૂના કોંગ્રેસ ભવન સામે, લાલદરવાજા ખાતે બંધ મિલ કામદાર પુનઃસ્થાપન સમિતિના સંયોજકશ્રી દિપક બાબરીયાની ઉપસ્થિતીમાં મળશે અને પ્રસાદ મિલ કામદારોને સાચો ન્યાય મળે તે માટેની કાનૂની લડત માટે રણનિતિ ઘડી કાઢવામાં આવશે.

# ગાંધીનગરનાં સેક્ટર - ૧૩ સુવિધા કચેરી નજીકથી ગાંજાના જથ્થા સાથે બે યુવાનોને પોલીસે ઝડપી પાડ્યા

ગાંધીનગરના સેક્ટર - ૧૩ સુવિધા કચેરી નજીક પૂર્વ બાતમીના આધારે એસઓજી પીઆઈ વી ડી વાળાની ટીમે વોચ ગોઠવી બે યુવાનોને ગાંજાનાં ૦.૦૩૬ કિ.ગ્રા જથ્થા સાથે ઝડપી પાડી કુલ રૂ. ૧ લાખ ૫૫ હજાર ૩૦૦નો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે



રાજયની માફક ગાંધીનગરમાં પણ સિરપ કાંડના પડઘા પડતાં પોલીસ નશાયુકત સિરપની બોટલો વેચતા ઈસમોને શોધી કાઢવા ચારે દિશામાં દોડતી થઇ ગઈ છે. એવામાં ગાંજાનાં જથ્થા સાથે બે યુવાનોને પોલીસે ઝડપી પાડયા છે. પોલીસ વડા રવિ તેજા વાસમ સેટ્ટીની સૂચનાથી એસઓજી પોલીસ નશાનો કારોબાર ચલાવતા ઈસમોને ઝડપી પાડવાની દિશામાં કાર્યરત હતી.

એ દરમિયાન બાતમી મળી હતી કે, એક કાળા કલરના એકસેસ ઉપર બે ઈસમો ગાંજાનો જથ્થો લઈને સેક્ટર - ૧૩ સુવિધા કચેરી નજીકથી પસાર થનાર છે. જેનાં પગલે પોલીસે અત્રેના વિસ્તારમાં વોચ ગોઠવી દેવામાં આવી હતી. બાતમી મુજબનાં એકસેસ લઈને પસાર થતા બે ઈસમોને ચારે દિશામાંથી કોર્ડન કરીને આબાદ રીતે ઝડપી પાડવામાં આવ્યાં હતા.

બાદમાં પોલીસે બંનેની પૂછતાંછ કરતાં તેમણે પોતાના નામ પાર્થ ખોડુભાઈ ભૂંભાણી (રહે. સેકટર - ૧૨/સી, પ્લોટ નંબર - ૩૭૮/એ /૧,મૂળ રહે. ગાંફ ગામ, ધોલેરા) અને કુલદીપ કિરીટભાઈ પરમાર (રહે. સેકટર - ૫/ સી, પ્લોટ નંબર - ૫૫૦/ ૧,મૂળ રહે. વિઠોડા, વિસનગર) હોવાની કબૂલાત કરી હતી. પોલીસે ડેકીની તલાશી લેતાં અંદરથી પ્લાસ્ટિકની ઝીપ બેગમાંથી ૦.૦૩૬ કિ.ગ્રા ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો.

જે અન્વયે પોલીસે બંનેની ધરપકડ કરી ૫૪ હજારની કિંમતનો ગાંજાનો જથ્થો, ૫૦ હજારનો મોબાઈલ ફોન, ૧૩૦૦ રૂપિયા રોકડા, ૫૦ હજારનું એકસેસ તેમજ પ્લાસ્ટિકની ૨૩ ખાલી ઝીપ બેગ મળીને કુલ રૂ. ૧ લાખ ૫૫ હજાર ૩૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી વધુ પૂછતાંછ હાથ ધરવામાં આવી છે.

# રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન પરિષદ-૨૦૨૩ માં રાષ્ટ્રીય કક્ષા માટે ગાંધીનગરના બે સંશોધન પ્રોજેક્ટ પસંદગી પામ્યા




ભારત સરકાર નાં સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ હસ્તક નાં નેશનલ કાઉન્સિલ ફોર સાયન્સ એંન્ડ ટેકનોલોજી કોમ્યુનિકેશન (દ્રઝજીઝ),ઢજી, સરકાર દ્વારા ‘‘રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન પરિષદ’’ સ્પર્ધા નું આયોજન સમ્રગ દેશમાં કરવામાં આવે છે. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં નાનપણથીજ વિજ્ઞાન પ્રત્યે રસ-રૂચી કેળવાય અને તેમાનામાં વૈજ્ઞાનિક સંશોધન વૃતિ વિકસે તેવા નવીનત્તમ વિચારોનો ઉદ્દભવ થાય તે છે. ગુજરાત માં રાજ્ય કક્ષાની સ્પર્ધાનું આયોજન ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી,ગાંધીનગર દ્વારા કરવામાં આવે છે. વર્ષ:૨૦૨૩-૨૪ માટે બાલ વિજ્ઞાન પરિષદનું મુખ્ય વિષયવસ્તુ (રીદ્ધી) ‘આરોગ્યઅને સુખાકારી માટે ઈકો સિસ્ટમની સમજ’ એ વિષય રાખવામાં આવેલ છે.

ગુજરાત સાયન્સ સિટી, અમદાવાદ ખાતે ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી (ઁંતર્ઝજી) દ્વારા આયોજિત રાજ્ય કક્ષાનો નેશનલ ચિલ્ડ્રન્સ સાયન્સ કોંગ્રેસ (દ્રઝજીઝ) કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં રાજ્ય કક્ષાએ બાળ વૈજ્ઞાનિકો દ્વારા ૩૩૦ પ્રોજેક્ટ રજૂ કરવામાં આવ્યા હતા, જેમાંથી ૨૬ પ્રોજેક્ટની રાષ્ટ્રીય કક્ષા માટે પસંદગી કરવામાં આવી હતી, જેમાં નિસર્ગ સાયન્સ સેન્ટરના માર્ગદર્શન હેઠળ ગાંધીનગર જિલ્લાના ૧૦ પ્રોજેક્ટ રાજ્ય કક્ષાએ પ્રતિનિધિત્વ કરેલ જેમાં ગાંધીનગર જિલ્લાના ૨ સંશોધન પ્રોજેક્ટ રાષ્ટ્રીય કક્ષા માટે પસંદગી પામ્યા.જેના ગ્રુપ લીડર તરીકે ધ્યાની તેજસ ભટ્ટ (રેડીયંટ સ્કુલ ઓફ સાયન્સ ) તથા તેમના માર્ગદર્શક શિક્ષક મીતા ભટ્ટ જેઓનો સંશોધન વિષય ×માનવ હસ્તક્ષેપને કારણે લવરપુરના તળાવની ઈકોસિસ્ટમ પર અસરનો અભ્યાસ× હતો. અને બીજો સંશોધન વિષય ×ધાર્મિક સ્થાન પર ભગવાનને ચઢાવવામાં આવતા ફૂલોનો ફરીથી ઉપયોગ કરવાની નવીન રીત× હતો. જેના ગ્રુપ લીડર તરીકે પર્વ બી.પટેલ (સેન્ટ ઝેવિયર્સ સ્કુલ) તેમના માર્ગદર્શક શિક્ષક શૈલા જોશી છે. જે ગુજરાત રાજ્યનું નેશનલ કક્ષાએ પ્રતિનિધિત્વ કરશે જે બદલ નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડો.અનીલ પટેલ, તથા સમગ્ર સ્ટાફ શુભેચ્છા પાઠવે છે.

# હાટ બજર માં નીકળેલી પેસેન્જર જીપને કમદયાવન ગામે અકસ્માત નડતા ૧૨ પેસેન્જર ને ઇજા સદનશીબે જાન હાની નહીં

આહવા.

આહવા તાલુકાના કમદિયાવન ગામે આજ રોજ સવારે એક પેસેન્જર જીપ પલટી મારી જતા જીપમાં બેસેલા ૧૨ પેસેન્જર ને નાની મોટી ઈજાઓ થતા સારવાર અર્થે આહવાની સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા બનાવની જાણ આહવા પોલીસને થતા ઘટના સ્થળે દોડી ગઈ હતી જીપ ચાલક ફરાર થઈ જતા તેની સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે.



પોલીસ સૂત્રો અને આહવા સિવિલ હોસ્પિટલ માંથી મળેલી માહિતી મુજબ ડાંગ જિલ્લાના કડમાળ થી ગારખડી ના હાટ બજારમાં પેસેન્જર જીપ નંબર જીજે ૧૨ પી ૮૮ ૬૦ નો ચાલક જીપમાં ૧૨ પેસેન્જર બેસાડી જઈ રહ્યો હતો તે દરમિયાન કમદયાવન ગામની હદમાં જીપ ચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતા જીપ બેકાબૂ બની પલટી ગઈ હતી જીપમાં બેસેલા તમામ ૧૨ પેસેન્જરો ને નાની મોટી ઈજાઓ થતા તેમણે ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે આહવાની સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા આ ઘટનામાં સદનશીબે જાન હાની ટળી જતા ભગવાનનો પાર માન્યો હતો બનાવની જાણ આહવા પોલીસને થતા પોલીસની ટીમ ઘટના સ્થળે દોડી જઈ ઈજાગ્રસ્ત મુસાફરોને હોસ્પિટલમાં ખસેડાયા હતા જીભ ચાલક ઘટના સ્થળેથી પેસેન્જરોને કણસતા મૂકી ફરાર થઈ ગયો હતો આહવા પોલીસ સ્ટેશનમાં બરક્યા ભાઈ જાદવે જીપચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા ગુનો નોંધી આગળ ની તપાસ આહવા પોલીસે હાથ ધરી હતી.

# ડાંગ જિલ્લા કલેકટર કચેરીના ચિટનીશ વયનિવૃત્ત થયા

,: ડાંગ જિલ્લા કલેકટર કચેરીમાં ચિટનીશ તરીકે ફરજ બજાવતા શ્રી દિપક ગાંધી વયનિવૃત્ત થતા, મહેસુલી પરિવારે તેમને નિવૃત્તિ વિદાયમાન આપ્યું હતું.

તા.૧૯મી ડિસેમ્બર, ૧૯૮૬ થી સરકારી નોકરીની ઉચ્છલ (તત્કાલીન સુરત જિલ્લો) થી શરૂઆત કરનાર શ્રી ગાંધીએ, ત્યાર બાદ વ્યારા પ્રાંત કચેરી અને સુરત કલેકટર કચેરી ખાતે વિવિધ જગ્યાઓ ઉપર તેમની સેવા બજાવી હતી.

સતત ૩૭ વર્ષોની સરકારી સેવા બાદ નિવૃત્તિના એક માસ અગાઉ, એટલે કે તા.૧લી નવેમ્બર, ૨૦૨૩ ના રોજ તેમને ડાંગ જિલ્લા કલેકટર કચેરી ખાતે ચિટનીશ ટુ કલેકટર તરીકે બઢતી મળતા તેઓ અહીં એક માસની ફરજ બાદ વયનિવૃત્ત થયા છે.
દરમિયાન તેમણે તેમના સાથી કર્મચારી, અધિકારીઓ સાથે તેમની દીર્ઘકાલીન સેવાઓનો અનુભવ શેર કરી, નવા કર્મચારીઓને લાભાન્વિત કર્યા હતા.

ડાંગ કલેકટર શ્રી મહેશ પટેલે સેવા નિવૃત્ત થતા ચિટનીશ શ્રી દિપક ગાંધીની સેવાઓને બિરદાવી, નિવૃત્ત જીવન સ્વાસ્થપ્રદ અને નિરોગી રહે તેવી મહેસુલી પરિવાર વતી શુભેચ્છાઓ પાઠવી હતી.

આ વેળા પ્રાંત અધિકારી શ્રી પ્રિતેશ પટેલ, મામલતદારશ્રીઓ, કર્મચારીઓ સહિત શ્રી ગાંધીના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

## કોંગ્રેસ પક્ષની સરકાર તેલંગણાના સર્વાંગી-સંતુલીત વિકાસ માટે અને

# ચૂંટણી દરમ્યાન આપેલા વચનોને પૂર્ણ પણે અમલ કરવા માટે પ્રતિબધ્ધતાથી કામ કરશે



ચાર રાજ્યોની વિધાનસભા ચૂંટણીના પરિણામોમાં પ્રતિક્રિયા આપતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને સાંસદશ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, તેલંગણામાં કોંગ્રેસ પક્ષનો ભવ્ય વિજય થયો છે. તેલંગણાના કાર્યકરો-આગેવાનો તમામને ખુબખુબ અભિનંદન. તેલંગણામાં જનતાએ સત્તા સોંપી છે. કોંગ્રેસ પક્ષની સરકાર તેલંગણાના સર્વાંગી-સંતુલીત વિકાસ માટે અને ચૂંટણી દરમ્યાન આપેલા વચનોને પૂર્ણ પણે અમલ કરવા માટે પ્રતિબધ્ધતાથી કામ કરશે.
રાજસ્થાનના ચૂંટણીમાં દર પાંચ વર્ષે સત્તા પરિવર્તન-ના રિવાજ પર મતદાનથી આ પરિણામ જણાય છે. કોંગ્રેસ પક્ષની રાજસ્થાન સરકાર જનલક્ષી કામગીરી પ્રજા સુધી લાભ પહોંચે તેનો હંમેશા સતત-સંયુક્ત પ્રયાસ કર્યો હતો. પણ, પરફોર્મન્સની સામે રાજસ્થાનની જનતાએ સત્તા પરિવર્તનની પરંપરા ફરી એક વખત પરિણામમાં સ્પષ્ટ જણાય છે.
છત્તીસગઢમાં વિધાનસભાના પરિણામો અપેક્ષાથી તદન વિપરીત છે. છત્તીસગઢમાં કોંગ્રેસની સરકારે અનેક પ્રજાલક્ષી પાયાની કામગીરી કરી હતી. પણ, અપેક્ષાથી વિપરીત પરિણામ છે.

મધ્યપ્રદેશમાં વિધાનસભા પરિણામો માટે અમો આશાવાદી હતા પણ, પરિણામ કોંગ્રેસની તરફેણમાં આવ્યું નથી.

જનતાના ચૂકાદાને કોંગ્રેસ પક્ષ માથે ચડાવે છે. લોકતંત્રમાં જનતાએ તેલંગણામાં સત્તા સોંપી છે. કોંગ્રેસ પક્ષની સરકાર તેલંગણાના સંતુલીત વિકાસ અને ચૂંટણી દરમ્યાન આપેલા વચનોને પૂર્ણ પણે અમલ કરવા માટે પ્રતિબધ્ધતાથી કામ કરશે અને જ્યાં વિપક્ષ તરીકે ચુકાદો છે તે રાજ્યોમાં મજબુત વિપક્ષ તરીકે કામ કરીશું અને જનતાના ન્યાયની લડાઈ લડીશુ.

# રીવ્યુ ધોરણ ૧૨ ફેલ પિકચર

આ પિક્ચર ખરેખર દરેક વ્યક્તિએ જોવા જેવું છે. આમાં વાર્તા (સત્ય ઘટના)છે એક છોકરાની જે બારમામાં એક વાર ફેઈલ થયો છે, અને પછી કઈ રીતે તે આઈપીએસ બને છે.
આપણે જીવનમાં જે નથી બની શક્યા કે જે નથી કરી શક્યા તેના માટે આપણે આપણી પોતાની જાતને જવાબદાર ગણવાને બદલે સમય, સંજોગો, સગવડ વગેરે ઘણા બધાને દોષ આપીએ છીએ, પણ મનોજ(હીરો )ની પાસે કંઈ પણનથી હોતું છતાં પણ આઈપીએસ બને છે એની પાસે કોઈ હ્વજ્ઞટ્ઠદ્મી ઙ્ઘટ્ઠદ્મી નથી
મનોજ રહે છે એક નાનકડા ગામમાં. ગામમાં નથી કોઈ સારી શાળા કે નથી કોઈ સગવડ. એના પિતા જે પ્રમાણિક છે તે સસ્પેન્ડ થયેલા છે, એ પોતાની લડાઈ લડી રહ્યા છે. ભાઈ બહેન નાના છે. ઘરમાં ખાનારા છ જણા અને કમાણીને નામે કંઈ નહીં.આર્થિક સ્થિતિ સાવ નબળી.આવા
સંજોગોમાં તે ડીએસપી બનવાના સપના જુએ છે ,અને સપના પૂરા કરવા ગ્વાલિયર જાય છે .ત્યાં તેની પાસે જે રહીસહી મૂડી હોય છે એ પણ ચોરાઈ જાય છે. ત્યાં એને ખબર પડે છે કે ડીએસપીમાં હવે કોઈ નવી ભરતી થતી નથી, અને એક છોકરો મળે છે તે કહે છે કે હું યુપીએસસી માટે દિલ્હી જવું છું, મનોજ પણ એની સાથે યુપીએસસી નો યુ પણ નથી જાણતો છતાં દિલ્હી પહોંચી જાય છે. ત્યાં પહોંચીને તે લાઈબ્રેરીમાં કામ કરે છે ટોયલેટ સાફ કરે છે ઘંટી પર કામ કરે છે ૧૦ ૧૦ કલાક કામ કરે પછી અભ્યાસ. ને ઊંઘવાનું માત્ર ત્રણ કલાક. ત્રણ વાર તો ફેઈલ થાય છે પણ ફરી રિસ્ટાર્ટ કરે છે હારતો નથી, નથી કોઈને દોષ દેતો અને છેવટે આઈપીએસ બને છે.
તમે જીવનમાં શું કર્યું કે શું કરી શકો છો, તેના માટે તમારો સતત પરિશ્રમ, સખત પરિશ્રમ અને ધગશ જ જવાબદાર છે અન્ય કોઈ નહીં.

તેરી હાર સે તેરી જીત તક
કોઈ રસ્તા હે અગર,
તો વો તૂ હી હે,
હા,તૂ હી હે.
ઉઠ ફિર સે સંભલ,
તૂ ફિર સે સંભલ તૂ ફિર સે ચલ.

રૂપલ શાહ..

# ગાંધીનગરમાં યોજાનાર વાઈબ્રન્ટ સમિટ દરમિયાન ખાખી વરદી જોવા નહીં મળે, ૧૨૦૦ પોલીસકર્મીઓ માટે કેટેગરી વાઈઝ ડ્રેસ કોડ નક્કી કરાયો



ગાંધીનગરમાં વાઈબ્રન્ટ સમિટને લઈ સરકારી વહીવટી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે. જેમાં હજ્જારો દેશ વિદેશથી ડેલિગેટ સહિતના મહાનુભાવો ખાસ ઉપસ્થિતિ રહેવાના છે. ત્યારે કાયદો - વ્યવસ્થા જાળવવા માટે ૧૨૦૦ જેટલા પોલીસ કર્મચારીઓ ખડેપગે તૈનાત રહેશે. પોલીસ કર્મીઓ અલગ લુકમાં જોવા મળે એ માટે ખાખીની જગ્યાએ કેટેગરી વાઈઝ ડ્રેસ કોડ નક્કી કરી દેવાયો છે. જે અન્વયે વાઈબ્રન્ટ સમિટ દરમ્યાન પોલીસ કર્મીઓ શૂટ બૂટ અને બ્લેઝરમાં જોવા મળશે.
ગાંધીનગરમાં યોજાનાર વાઈબ્રન્ટ સમિટને લઈ તડામાર તૈયારીઓ શરૂ થઈ ચૂકી છે. સમિટ દરમ્યાન હજ્જારો વિદેશી ડેલિગેટ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેવાના છે. આ બધાની વચ્ચે પોલીસ એક્ઝિક્યુટિવ લુકમાં જોવા મળશે. જેનાં માટે પોલીસ અધિકારીઓથી માંડી કોન્સ્ટેબલ સુધીના કર્મચારીઓ માટે ડ્રેસ કોડ નક્કી કરી દેવાયો છે. એટલે કે વાઈબ્રન્ટ સમિટ દરમ્યાન પોલીસ કર્મીઓ ખાખી વરધીની જગ્યાએ શૂટ બૂટ અને બ્લેઝરમાં જોવા મળશે.
વાઈબ્રન્ટ સમિટ દરમ્યાન એક્ઝિક્યુટિવ માહોલ જળવાઈ રહે એ માટે ખાખીને તિલાંજલિ આપવામાં આવશે. જે અન્વયે મહિલા પોલીસ કર્મીઓ માટે પેન્ટ - કોટી તેમજ વીવીઆઈપીની સુરક્ષામાં ફરજ બજાવનાર કમાન્ડો સફારી જોવા મળશે. ૧૨૦૦ જેટલા પોલીસ કર્મીઓ વાઈબ્રન્ટ સમિટમાં ફરજ પર તૈનાત કરવામાં આવનારા છે.તમામ એક્ઝિક્યુટીવ વેરમાં જોવા મળશે.
વાઈબ્રન્ટ પરિસરમાં ફરજ બજાવનાર પોલીસ કોન્સ્ટેબલ અલગ રંગના પેન્ટ શુટમાં જોવા મળશે. જ્યારે પીઆઈથી લઈને ડીવાયએસપી સુધીના પોલીસ અધિકરીઓ માટે બ્લેઝર નક્કી કરવામાં આવ્યુ છે.તેઓ પેન્ટ શર્ટની સાથે માથે બ્લેઝર સાથે સજ્જ થઈ ફરજબજાવશે. જ્યારે પોલીસ અધિક્ષકકક્ષાના અધિકારીઓ શુટ ટાઈમાં સજ્જ જોવા મળશે.
ઉલ્લેખનીય છે કે વાઈબ્રન્ટ દરમિયાન મહાત્મા મંદિરમાં પોલીસ માટે યુનિફોર્મ એલાઉ નથી. જેના કારણે તેઓને અલગ ડ્રેસ કોડ આપવામાં આવ્યો છે. જે પોલીસ કર્મીઓની અહી ફરજ માટે પસંદગી કરવામાં આવી છે તેઓને ટેઈલર પાસે પોતાના કપડાનું માપ આપવા માટે પણ ઉચ્ચ કક્ષાએથી જણાવી દેવામાં આવ્યુ છે. આ ઉપરાંત ફાંકડું ઈંગ્લિશ બોલતા પોલીસ કર્મીઓને મહાનુભાવોની સુરક્ષાની વિશેષ જમાદારી પણ સોપવામાં આવશે.



આજરોજ રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તીસગઢ રાજ્યોમાં વિધાનસભાની ચુંટણીમાં ભારતીય જનતા પાર્ટીને મળેલી પ્રચંડ જીતના ઉજવણીના ભાગરૂપે ભારતીય જનતા પાર્ટી, ગાંધીનગર મહાનગર કાર્યાલય ખાતે વિજય ઉત્સવ મનાવ્યો. આ અવસરે મેયરશ્રી હિતેશભાઈ મકવાણા ઉપસ્થિત રહી ફટાકડા ફોડી કાર્યકર્તાઓનું મો મીઠું કરાવ્યું હતું. આ કાર્યક્રમમાં શહેર અધ્યક્ષશ્રી રુચિરભાઈ ભટ્ટ, ડે. મેયરશ્રી પ્રેમલસિંહ ગોલ, કાઉન્સિલરશ્રીઓ, શહેર મહામંત્રીશ્રીઓ, હોદેદારશ્રીઓ તેમજ મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# બાલીસણામાં ૬ મહિનાથી ધરોઈનું પાણી અનિયમિત આવતાં ગ્રામજનોને હાલાકી

પાટણ તાલુકાના બાલીસણા ગામમાં ધરોઈ પાણી પુરવઠા વિભાગ દ્વારા વિતરણ કરવામાં આવતું પીવાનું પાણી અનિયમિત આપવામાં આવતા ગામમાં પાણીની ભારે સમસ્યા સર્જાતાં ગ્રામજનોને ભારે હાલાકી પડી રહી હોય સમાજિક ન્યાય સમિતિના ચેરમેન દ્વારા નિયમિત પાણી વિતરણ કરવા ગાંધીનગર ખાતે મુખ્ય ઈજનેર અને સચિવને રજૂઆત કરી છે.પાટણ તાલુકાના સૌથી મોટા બાલીસણા ગામમાં ૧૧૦૦૦થી વધુ લોકો વસવાટ કરી રહ્યા છે .ગામમાં ધરોઈ પાણી પુરવઠા વિભાગ દ્વારા આવતો પાણીનો પુરવઠો તેમજ ગ્રામપંચાયતના બોરના પાણીનું વિતરણ કરાય છે. છેલ્લા ૬ મહિનાથી ગામમાં ધરોઈ પાણી પુરવઠા વિભાગ દ્વારા પીવાનું પાણી અનિયમિત વિતરણ કરાતું હોય ગામમાં પાણીની સમસ્યા સર્જાઇ છે.

# પરિવાર મેળાની મજા માણી રહ્યો હતો ને રાઈડ્સનું પાંજરૂ ખુલતા નીચે પટકાયા, બાળકો સહિત ત્રણને ગંભીરઈજા

સિદ્ધપુરના કાત્યોક મેળાનો આજે છેલ્લો દિવસ છે, ત્યારે ગતરાત્રીએ મેળાની એક રાઈડ્સનું પાંજરું ખુલી જતા એક જ પરિવારના ત્રણ લોકોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેને પગલે તેઓને ૧૦૮માં સારવાર માટે સિદ્ધપુરની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતા. ત્યારબાદ વધુ સારવાર માટે ધારપુર જે બાદ પાટણની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં છે. ત્રણેય લોકોને ફેક્ચર થયું હોવાનું જાણવા મળ્યું છે.

આ અંગે મળતી માહિતી મુજબ સિદ્ધપુરના કાત્યોકના મહા મેળાનો આજે અંતિમ દિવસ છે. ત્યારે શનિવારે રાત્રે એક પરિવારના સભ્યો મેળો માણવા માટે આવ્યાં હતા. જે દરમિયાન તેઓ ટોળા ટોળા રાઈડ્સમાં બેઠા હતા. ત્યારે ચાલુ રાઈડ્સમાંથી અચાનક રાઈડ્સનું પાંજરૂ ખુલી જતા એક જ પરિવારના ત્રણ લોકો નીચે પટકાયા હતા. જેથી તેઓને ગંભીરઈજા પહોંચી હતી.

આ અકસ્માતમાં ઈજાગ્રસ્ત થયેલાઓને ૧૦૮ મારફતે તાત્કાલિક સારવાર માટે જનરલ હોસ્પિટલ સિદ્ધપુર ખાતે લાવવામાં આવ્યાં હતા, જોકે, વધુ સારવારની જરૂર જણાતાં સિદ્ધપુર સીવીલ ખાતેથી ઈજાગ્રસ્તોને ધારપુર હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યાં છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.